# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ એલસીબીનો મોટો સપાટો** | પેટલાદ, તારાપુર અને વિધાનગર સહિતના ૬ ગુનાના ભેદ ઉકેલાયા

# અમેરિકન ડોલર વટાવવા આવેલો ઘરફોડીયા ગેંગનો સૂત્રધાર પકડાયો

**દાહોદની** ખતરનાક ગેંગના ૪ સાગરીતોની શોધખોળ શરૂ



(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ જિલ્લામાં ઘરફોડ ચોરી અને લૂંટના બનાવોને અટકાવવા માટે એક્શનમાં આવેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચએ એક મોટી સફળતા મેળવી છે. એલસીબીની ટીમે દાહોદની એક રીઢા ગુનેગારોની ગેંગના મુખ્ય આરોપીને અમેરિકન ડોલર સાથે ઝડપી પાડી, જિલ્લાના કુલ ૬ જેટલા વણઉકેલાયેલા ગંભીર ગુનાઓનો પર્દાફાશ કર્યો છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચને ટેકનિકલ ઈન્ટેલિજન્સ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, આંકલાવના લાલપુરા ગામે થયેલી ચોરીના સીસીટીવી ફૂટેજમાં દેખાતો શખ્સ પાયોનિયર સ્કૂલ પાસે ડોલર વટાવવા માટે ઊભો છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવીને આરોપી હિન્દુભાઈ ઉર્ફે ઈન્દુ કાળીયાભાઈ ભાભોર (રહે. ગરબાડા, જી.દાહોદ) ને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. આરોપીની અંગઝડતી લેતા તેની પાસેથી ૩૦૦ અમેરિકન ડોલર મળી આવ્યા હતા. આ શખસની આગવી ઢબે કરાયેલી પૂછપરછ દરમિયાન તેણે તેના અન્ય ૪ સાગરીતો સાથે મળીને આણંદ જિલ્લામાં લૂંટ અને ચોરી કરી હોવાની કબૂલાત કરી છે.

### આણંદની છ ઘરફોડ ઉકેલાઇ

**પેટલાદ રૂરલ:** દંતેલી વડદલા રોડ પર તમાકુની ખળીમાં ફરીયાદીને બંધક બનાવી રૂ. ૪.૮૦ લાખની લૂંટ.
**તારાપુર:** ટ્રેક્ટરના શો-રૂમમાંથી રૂ. ૪.૨૮ લાખની મત્તાની ચોરી.
**તારાપુર:** અલમદીના-૨ માં બંધ મકાનમાંથી રૂ. ૩.૮૦ લાખની ચોરી.
**પેટલાદ રૂરલ:** કૃષ્ણ વિલા સોસાયટીમાં મકાનમાંથી રૂ.૧.૬૧ લાખની ચોરી.
**આંકલાવ:** લાલપુરામાં ખળીમાંથી રોકડ અને અમેરિકન ડોલર મળી રૂ. ૧.૮૭ લાખની ચોરી.
**વિદ્યાનગર:** શ્યામવિલા સોસાયટીના બંધ મકાનમાંથી રૂ. ૧.૫૯ લાખની ચોરી.

### આરોપીનો ગુનાહિત ઇતિહાસ

ઝડપાયેલો શખસ હિન્દુભાઈ અગાઉ પણ અમદાવાદ, વડોદરા અને દાહોદના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ઘરફોડ ચોરી, હાફ મર્ડર અને ધાડ-લૂંટ જેવા અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર છે. હાલ પોલીસે આ ગેંગના અન્ય ૪ ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

---

જિલ્લા પંચાયતના પ્રમુખપદમાં 'પ્લાન સી' સફળ બનાવવા જહેમત

# પાળજ બેઠકની પેટા ચૂંટણી વહેલી કરાવવા દોડધામ શરૂ

**આણંદ કલેક્ટર** દ્વારા પેટા ચૂંટણી માટે દરખાસ્ત મોકલી દેવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ જિલ્લા પંચાયતમાં ભાજપ પાસે 40માંથી 33 બેઠક હોવા છતાં પ્રમુખપદને લઈ સર્જાયો વિવાદ દિવસે દિવસે ઘેરો બની રહ્યો છે. આથી, તાત્કાલિક અસરથી પાળજ બેઠક ખાલી કરી પેટા ચૂંટણીમાં યોગ્ય ઉમેદવારને વિજેતા બનાવવા દોડધામ ચાલી રહી છે. પરંતુ સૌથી મહત્વની વાત ચૂંટણી વહેલી જાહેર થાય તે માટે ગાંધીનગર સુધી આંટા ફેરા થઈ ગયાં છે.

આણંદ જીલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે એસટી મહિલા ઉમેદવાર જ હોવા એ ભાજપ માટે આવશ્યક બની ગયું હતું. તેમાંય ભાજપ પાસે પેટા ચુંટણી કરાવી એસટી ઉમેદવારને જીતાડી લાવવાનો અંતિમ વિકલ્પ રહ્યો છે. જેથી બેઠક ખાલી કરવા સંદર્ભે જીલ્લા ભાજપના નેતાઓ, સંગઠનના હોદ્દેદારો વગેરેની એક અત્યંત ખાનગી બેઠક યોજી હતી. જેમાં ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં સમાવિષ્ટ બેઠકો પૈકી કોઈપણ એક સામાન્ય બેઠક ખાલી કરાવવા જણાવ્યું હતું. પરંતુ સામાન્ય બેઠકના કોઈ સભ્ય રાજીનામું આપવા તૈયાર ન્હોતા. છેવટે પ્રદિપ પટેલે રાજીનામું આપવાની તૈયારી બતાવી પક્ષ માટે ખુરશી છોડી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, પાળજ બેઠક પર પેટા ચૂંટણી યોજવા માટે તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

પરંતુ સૌથી મહત્વની બાબત એ છે કે, આ ચૂંટણી વહેલી જાહેર થાય. આથી, આણંદ જિલ્લા ભાજપના મોવડીઓની ગાંધીનગર ખાતે દોડધામ વધી છે. આણંદ જીલ્લા પંચાયતમાં પ્રમુખની ખુરશીના પાયા હજુ પણ કાયદાકીય ગુંચવણને કારણે હચમચી રહ્યા છે. પાળજની બેઠક ઉપર ભાજપ દ્વારા એસટી મહિલા ઉમેદવારને ચુંટણીમાં ઉતારવામાં આવે તેવી શક્યતા છે. જો કે હવે ચોક્કસ રણનીતિને આધિન વ્યૂહ રચના ઘડવામાં આવી રહી છે. હાલ કલેક્ટર કક્ષાએથી પાળજમાં પેટા ચૂંટણી યોજવા અંગે જરૂરી દરખાસ્ત ઉચ્ચકક્ષાએ મોકલી આપવામાં આવી છે.

---

# બોરસદ શહેરના યુવક સાથે ૧૧.૫૩ લાખની છેતરપિંડી

**સ્કોટલેન્ડની** કંપનીનો નકલી ઓફર લેટર આપી બે એજન્ટોએ કળા કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

વિદેશ જવા ઈચ્છતા યુવાનોને નિશાન બનાવી છેતરપિંડી આચરતી ટોળકી ફરી સક્રિય થઈ છે. બોરસદની ઈન્દિરા કોલોનીમાં રહેતા અને ખાનગી બેંકમાં નોકરી કરતા દીપકભાઈ મહેન્દ્રભાઈ પરમાર અને તેમના સાળા અંકુરભાઈ સાથે લંડન તેમજ સ્કોટલેન્ડમાં ૫ વર્ષના વર્ક વિઝા અપાવવાના બહાને ૧૧.૫૩ લાખની ઠગાઈ થઈ હોવાનું બહાર આવ્યું છે.

મળતી વિગતો મુજબ, વર્ષ ૨૦૨૧માં ફરિયાદી દીપકભાઈ પેટલાદના મુબીનમીયા કમરૂમીયા મલેક અને મુંબઈના ધવલ મહેન્દ્રભાઈ દોષી નામના બે એજન્ટોના સંપર્કમાં આવ્યા હતા. આ એજન્ટોએ વિશ્વાસ જીતવા માટે સ્કોટલેન્ડની એક કંપનીનો નકલી ઓફર લેટર આપ્યો હતો અને બંને યુવાનોને હૈદરાબાદ વિઝા ઓફિસે લઈ જઈ તેમના અસલ પાસપોર્ટ પણ જમા કરાવી દીધા હતા.


એજન્ટોએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા દીપકભાઈ પાસેથી ૮,૯૭,૬૬૬ અને તેમના સાળા પાસેથી ૨,૫૫,૮૬૦ મળી કુલ ૧૧,૫૩,૫૨૬ પડાવી લીધા હતા. લાંબો સમય વીતવા છતાં એજન્ટોએ માત્ર વાયદા કર્યા હતા. જ્યારે નાણાં પરત માંગ્યા ત્યારે એજન્ટોએ ટુકડે-ટુકડે થોડી રકમ પાછી આપી હતી, પરંતુ બાકીના પૈસા ઓળવી જઈ ફોન નંબર બ્લોક કરી દીધા હતા.આ સમગ્ર મામલે બોરસદ સિટી પોલીસે બંને ગફલાબાજ એજન્ટો સામે ગુનો નોંધ્યો હતો.

---

મહાન ક્રાંતિકારીઓ ગરબડદાસ મુખી અને જીવાજી ઠાકોરની યાદો જોડાયેલી છે

# ખાનપુરના 'ફાંસિયા વડ'ને ઐતિહાસિક સ્થળ તરીકે જાહેર કરવા માંગ કરાઈ

**૧૮૫૭ના** વિપ્લવના સાક્ષી સમાન વડલાને ઐતિહાસિક સ્થળોની યાદીમાં સ્થાન આપવા કલેક્ટરને રજૂઆત




(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ તાલુકાના ખાનપુર ગામના એક ગૌરવશાળી અને ઐતિહાસિક વારસાને સત્તાવાર ઓળખ અપાવવા માટે વહીવટી તંત્ર સમક્ષ કરવામાં આવી છે. આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મયુરીબેન પટેલે જિલ્લા કલેક્ટરને એક પત્ર લખીને ખાનપુર ગામે આવેલા આશરે ૧૬૦ વર્ષ જૂના ઐતિહાસિક 'ફાંસિયો વડ'નો જિલ્લાના ઐતિહાસિક સ્થળોની યાદીમાં સમાવેશ કરવા માટે ખાસ રજુઆત કરી છે.

કલેક્ટરને પાઠવવામાં આવેલા પત્રમાં જણાવ્યા અનુસાર, આ વડલો ભારતની આઝાદીના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ એટલે કે ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવના સમયનો મૂક સાક્ષી છે. આ ઐતિહાસિક વડલા સાથે તે સમયના લોકપ્રિય ક્રાંતિકારીઓ ગરબડદાસ મુખી અને જીવાજી ઠાકોરના નામ અને યાદો સીધી રીતે સંકળાયેલા છે. દેશભક્તિના રંગે રંગાયેલા આ વીરોએ બ્રિટિશ હુકુમત સામે બગાવતનું રણશિંગું ફૂંક્યું હતું.

સ્થાનિક લોકવાયકા અને પેઢીઓથી ચાલી આવતી ચર્ચાઓ મુજબ, આઝાદીના આ સંઘર્ષ દરમિયાન અંગ્રેજ શાસકો દ્વારા અંદાજિત ૨૦૦ થી વધુ ભારતીય ક્રાંતિકારીઓને આ વડના ઝાડ પર ફાંસી આપવામાં આવી હતી, જેના કારણે જ તે લોકજીભે 'ફાંસિયો વડ' તરીકે ઓળખાય છે. ભારતની ક્રાંતિકારી ચળવળ સાથે અતૂટ નાતો ધરાવતા આ સ્થળની મુલાકાતે આજે પણ મોટી સંખ્યામાં દેશપ્રેમીઓ આવે છે, જેથી તેનું યોગ્ય જતન થાય તે જરૂરી છે. આ સાથે દેશભક્તિ ઉપરાંત પર્યટનને ફાયદો થશે. જેથી તાત્કાલિક ઐતિહાસિક સ્થળ તરીકે જાહેર કરવા માગણી કરી છે.

---

# નડિયાદના બમ્પ પર બાઈક સ્લીપ ખાતા મહિલાનું મોત

**ખેતરેથી** ઘરે પરત ફરતા સમયે કમળા બ્રીજ પાસે સર્જાયો અકસ્માત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદના કમળા બ્રીજના છેડે બુધવાર રાત્રે એક કરુણ અકસ્માત સર્જાયો હતો. બ્રીજના છેડે આવેલા બમ્પ પાસે બાઈક ચાલકે અચાનક બ્રેક મારતા મોટરસાયકલ સ્લીપ થઈ ગઈ હતી, જેમાં પાછળ બેઠેલા મહિલા રોડ પર પટકાતા માથામાં ગંભીર ઈજા થવાથી તેમનું મોત નિપજ્યું છે.

નડિયાદ તાલુકાના કમળા ગામમાં રહેતા અમિતસિંહ અરવિંદસિંહ મહિડા ગઈકાલે સાંજે તેમના પત્ની નીલમબેન અને પુત્ર ધ્રુવ સાથે ખેતરે ગયા હતા. રાત્રિના સમયે જ્યારે તેઓ ખેતરેથી પરત ફરી રહ્યા હતા, ત્યારે કમળા બ્રીજના છેડે અચાનક બમ્પ આવતા અમિતસિંહે મોટરસાયકલની બ્રેક મારી હતી. આ દરમિયાન બાઈક સ્લીપ ખાઈ જતા પાછળ બેઠેલા ૩૬ વર્ષીય નીલમબેન રોડ ઉપર ફંગોળાયા હતા.

નીલમબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તુરંત સારવાર માટે ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે અમિતસિંહની ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, જે સ્થળે બમ્બના કારણે અકસ્માત સર્જાતા હોય તે સ્થળે બમ્પ દુર કરવા રજુઆત કરવામાં આવે છે. પરંતુ સ્થિતિ જેમની તેમ રહે છે.

---

# નડિયાદ શહેરમાં પડતર માગણી નિમિત્તે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું

**જૂની પેન્શન** યોજના અને નવી ભરતી સહિતની માંગણી મુદ્દે ૧૮ શાખાના કર્મચારીઓ જોડાયાં



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદમાં આઈડબલ્યુઓ દ્વારા 'અખિલ ભારતીય માંગણી દિવસ' નિમિત્તે અધિકારીઓ અને કર્મચારીઓની લાંબા સમયથી પડતર માંગણીઓના સમર્થનમાં વિશાળ પ્રદર્શન અને ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નડિયાદ ડિવિઝનની તમામ ૧૮ શાખાઓના સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પોતાની એકતાનું પ્રદર્શન કર્યું હતું.

આ પ્રદર્શનનું નેતૃત્વ મહામંત્રી સલીમ વોરા, પ્રમુખ કેતન રાવ, કાર્યકારી પ્રમુખ તૃપ્તિ પરીખ અને અન્ય પદાધિકારીઓએ કર્યું હતું. આ તકે કર્મચારીઓએ મુખ્યત્વે જૂની પેન્શન યોજનાની અમલવારી, વર્ગ-III અને વર્ગ-IVમાં નવી ભરતી, અસ્થાયી કર્મચારીઓનું સમાયોજન, પેન્શન અપડેશન તેમજ બઢતી અને બદલી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા જેવી ન્યાયી માંગણીઓ જોરશોરથી રજૂ કરી હતી.

આ પ્રદર્શનમાં વક્તાઓએ કર્મચારીઓને સંબોધતા જણાવ્યું હતું કે, પોતાના હકો અને હિતોની રક્ષા માટે આ સંઘર્ષ આગામી સમયમાં વધુ મજબૂત બનાવવામાં આવશે. સંગઠનના પદાધિકારીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વહીવટીતંત્ર દ્વારા આ માંગણીઓ પર વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં આવશે. "અમારા અધિકાર - અમારી એકતા - અમારું ભવિષ્ય ના નારા સાથે કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.

---

# નડિયાદમાં વૃદ્ધે ટ્રેન નીચે પડતું મૂકી જિંદગી ટૂંકાવી

**લાંબા સમયની** બીમારીથી કંટાળી વૃદ્ધે અંતિમ પગલું ભર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદ રેલવે સ્ટેશન પર ગુરૂવાર વહેલી સવારે એક કરુણ ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ડાઉન લાઇન પરથી પસાર થતી ટ્રેન આગળ એક વૃદ્ધ પુરુષે પડતું મૂકી આપઘાત કરી લીધો છે. પ્રાથમિક માહિતી અનુસાર, મૃતક વૃદ્ધ લાંબા સમયથી બીમારીથી પીડાતા હોવાથી આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જણાયું છે.

નડિયાદ રેલવે સ્ટેશનની ડાઉન લાઈન પર આજે સવારે સાત વાગ્યા પહેલાં પસાર થતી એક ટ્રેન નીચે વૃદ્ધે પડતું મૂક્યું હતું. આ ઘટનાની જાણ થતા જ નડિયાદ રેલવે પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહનો કબજો મેળવી તપાસ હાથ ધરી હતી. આ અંગે પોલીસ તપાસ દરમિયાન મૃતકની ઓળખ બચુભાઈ કલ્યાણભાઈ પરમાર (ઉંમર વર્ષ ૮૮) તરીકે થઈ છે, જેઓ નડિયાદના રામ તલાવડી સરદાર નગર પાસે આવેલી જય ખ્રિસ્ત સોસાયટીના રહેવાસી હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે બચુભાઈ ઘણા સમયથી ગંભીર બીમારીથી પીડાતા હતા અને તેનાથી કંટાળીને તેમણે આત્યંતિક પગલું ભરી જીવનનો અંત આણ્યો હતો.નડિયાદ રેલવે પોલીસે હાલમાં આ મામલે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે અને લાશનું પંચનામું કરી કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

---

લગ્નની પહેલી જ રાતથી ત્રાસ આપી પરિણીતાને અમેરિકા પરત મોકલી દીધી

# ન્યૂઝીલેન્ડ રહેતા પતિએ અમેરિકા સ્થિત પત્નીને પહેરેલા કપડે કાઢી મૂકી

**અમારા** મોભા પ્રમાણે કંઈ લાવ્યા નથી તેમ કહી ત્રાસ આપતા પાંચ સાસરિયા સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદના અમુલ ડેરી રોડ પર રહેતા અને વર્ષ ૨૦૦૭થી અમેરિકામાં સ્થાયી થયેલા બી.બી.એ. શિક્ષિત પરિણીતાને લગ્નના ટૂંકા ગાળામાં જ સાસરિયાઓના કડવા અનુભવોનો સામનો કરવો પડ્યો છે. ન્યૂઝીલેન્ડ રહેતા પતિ અને આણંદના સાસરિયાઓએ 'મોભા' અને દહેજની લાલચમાં માનવતા નેવે મૂકી, પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપી પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂકતા આણંદમાં ચકચાર મચી ગઈ છે.

આ કિસ્સાનો ચોંકાવનારો પાસા એ છે કે બંને પક્ષો વિદેશમાં સ્થાયી અને સુશિક્ષિત હોવા છતાં, દહેજ જેવી કુપ્રથાએ આ સંસારમાં ઝેર ઘોળ્યું છે. સેજલબેન પટેલના લગ્ન ફેબ્રુઆરી ૨૦૨૨માં ન્યૂઝીલેન્ડ રહેતા સાગર ગીરીશભાઈ પટેલ (રહે. ચંદન બંગ્લોઝ, આણંદ) સાથે થયા હતા. લગ્નની પહેલી જ રાતથી પતિએ 'તારા પિતાએ અમારા સ્ટેટસ પ્રમાણે કંઈ આપ્યું નથી' તેમ કહી મેણાં-ટોણાં મારવાનું શરૂ કર્યું હતું.

બાદમાં સાસુ શીલાબહેન, સસરા ગીરીશભાઈ, જેઠ પ્રતિક અને જેઠાણી હેમાલીબહેને ભેગા મળી પતિની ચઢવણી કરી વધુ નાણાં અને સોના-ચાંદીના દાગીનાની માંગણી કરી હતી. પરિણીતાને ત્રાસ આપી તેને અમેરિકાની ટિકિટ કરાવી પરત મોકલી દેવાઈ હતી. એટલું જ નહીં, સમાધાનના પ્રયાસો દરમિયાન પતિએ ફોન પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જોકે, સેજલબેન ભારત પરત આવતા સાસરિયાઓએ ફરી ઝઘડો કરતા, અંતે તેમણે ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. આ અંગે આણંદ મહિલા પોલીસ મથકે પતિ સહિત તમામ પાંચેય સાસરિયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને દહેજ પ્રતિબંધક અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# નડિયાદમાં અભ્યાસ ન કરવો હોવાથી કિશોરી હોસ્ટેલમાંથી નીકળી ગઇ

**પીજ ચોકડી પાસેથી** મળી આવેલી કિશોરીને ૧૦૯૮ની ટીમે સમજાવતા તે પુનઃ હોસ્ટેલ જવા તૈયાર થઈ




(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદની હોસ્ટેલમાં રહેવું ન ગમતું હોવાથી ત્યાંથી નીકળી ગયેલી એક ૧૫ વર્ષની કિશોરીને ૧૮૧ મહિલા હેલ્પ લાઈન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈન ખેડા દ્વારા સમયસર માર્ગદર્શન અને અસરકારક કાઉન્સિલિંગ આપી ફરી અભ્યાસ કરવા માટે પ્રેરિત કરવામાં આવી છે. પોલીસ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદના સહયોગથી આ કિશોરીને સુરક્ષિત રીતે હોસ્ટેલ પહોંચાડવામાં આવી હતી.

માહિતી મુજબ, એક ત્રાહિત વ્યક્તિએ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન પર કોલ કરીને પીજ ચોકડી પાસે એક કિશોરી હોવાની જાણ કરી હતી. કિશોરીને અસરકારક કાઉન્સિલિંગની જરૂર જણાતા ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈન ટીમની મદદ લેવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ૧૫ વર્ષની આ કિશોરીને તેના પરિવારે અભ્યાસ માટે હોસ્ટેલમાં મૂકી હતી, પરંતુ તેને ત્યાં રહેવું ગમતું ન હોવાથી તે સવારે હોસ્ટેલ છોડીને નીકળી ગઈ હતી.

ચાઈલ્ડ હેલ્પ લાઈનની ટીમે કિશોરી સાથે આત્મીયતાથી વાતચીત કરી તેને સમજાવ્યું હતું કે આ ઉંમર અભ્યાસ કરવાની છે અને યોગ્ય શિક્ષણ મેળવીને જ ઉજ્જવળ કારકિર્દી બનાવી શકાય છે. વધુમાં, તેને એકલા આ રીતે નીકળી જવામાં રહેલા જોખમો વિશે પણ માહિતગાર કરવામાં આવી હતી. ટીમના સમજાવટભર્યા પ્રયાસોને અંતે કિશોરી હોસ્ટેલ પરત ફરવા માટે સંમત થઈ હતી.

આ ઘટના સ્થળે હોસ્ટેલના વોર્ડન અને સ્ટાફ પણ આવી પહોંચ્યા હતા. ચાઈલ્ડ હેલ્પ લાઈન દ્વારા હોસ્ટેલના સ્ટાફને પણ કિશોરી સાથે આત્મીયતાપૂર્ણ વ્યવહાર કરવા માટે સૂચના આપવામાં આવી હતી અને ત્યારબાદ કિશોરીને સુરક્ષિત રીતે હોસ્ટેલમાં મૂકવામાં આવી હતી. આ સમગ્ર કામગીરીમાં પોલીસ વિભાગ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદનો મહત્વનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

### ખેડા ચાઈલ્ડ હેલ્પલાઈનની મદદથી પરપ્રાંતીય બાળકને શાળામાં પ્રવેશ મળ્યો

ખેડામાં રોજગારી માટે રહેતા ઉત્તર પ્રદેશના એક પરિવાર પાસે જન્મનો દાખલો ન હોવાથી બાળકના શાળા પ્રવેશમાં મુશ્કેલી સર્જાઇ હતી. આ અંગે પરિવારે ૧૦૯૮ પર કોલ કરી મદદ માંગતા ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે તાત્કાલિક શાળાના પ્રિન્સિપાલનો સંપર્ક કર્યો હતો. કિશોરનું શૈક્ષણિક વર્ષ ન બગડે તે માટે ટીમે સમજાવટ કરી પાછળથી દાખલો આપવાની શરતે પ્રવેશ મંજૂર કરાવ્યો હતો. હેલ્પલાઈનની સમયસૂચકતા અને અસરકારક કામગીરીને કારણે પરપ્રાંતીય બાળકને નિયમોનુસાર શાળામાં પ્રવેશ અપાવવામાં સફળતા મળી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225